દાખલ તારીખ :- ૧૧-૦૫-૨૦૧૮
રજીસ્ટર તારીખ :- ૧૧-૦૫-૨૦૧૮
ફેસલ તારીખ :- ૦૬-૦૩-૨૦૨૬
**સમય ગાળો:-** વર્ષ-માસ-દિવસ
૦૭- ૦૯ - ૨૬

## મે.વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં, મુ.વસો.જી.ખેડા-નડીયાદ

**રેગ્યુ.દિવાની મુકદમા નંબર :-૨૦/૨૦૧૮**
**આંક :**

**વાદીઓ :- (૧) કિરીટભાઈ શંકરભાઈ પરમાર**
ઉ.વ. ૪૭ ધંધો. નોકરી
રહે. ખ્રિસ્તી ફળીયું, મુ. ઝારોલ,
તા. વસો જી. ખેડા

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ:-(૧) રમેશભાઈ પિતરભાઈ રાઠોડ**
ઉ.વ. ૫૫ ધંધો. ખેતી
**(૨) પ્રવિણભાઈ સુલેમાનભાઈ રાઠોડ**
ઉ.વ. ૫૫ ધંધો. ખેતી
**(૩) સેવકભાઈ સુલેમાનભાઈ રાઠોડ**
ઉ.વ. ૫૦ ધંધો. ખેતી
તમામ રહે. ખ્રિસ્તી ફળીયું, મુ. ઝારોલ,
તા. વસો જી. ખેડા

**દાવો રૂા.૧૦૦૦/- ના આંકથી**

---

વાદીઓ તરફે વિ. વકીલ શ્રી : એસ.ટી.પટેલીયા
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : ડી.બી.ઓથર

---

## -: ઠરાવ :-

(૧) આ કામે વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી મોજે ગામ ઝારોલ તા. વસો જી. ખેડાના ગ્રામ પંચાયત ની જૂનો મિલ્કત નં. ૨/૧૫૮ જેનો નવો મિલકત નં.૧૮૪ તથા હાલ સદર મિલકતનો નવો નં.૨૧૩ વાળી મિલકત વાદીની વડીલોપાર્જીત માલીકી કબજા ભોગવટાની વારસાઈથી મળેલ અને હાલ પણ સદર દાવાવાળી મિલકતનો કબજો ભોગવટો વાદીનો છે જેના ખુંટવર્ણન નીચે મુજબ છે.

ઉત્તરે:-રાજમાર્ગ આવેલ છે.

દક્ષિણે :-સેવકભાઈ સુલેમાનભાઈ નું મકાન આવેલ છે.

પૂર્વે:-જાહેર રસ્તો મુકી મણીબેન શંકરભાઈ નું મકાન આવેલ છે.

પશ્ચિમે:--પ્રવિણભાઈ સુલેમાનભાઈ નું મકાન આવેલ છે.

વધુમાં વાદી દાવા અરજીમાં જણાવે છે કે, ઉપરોકત ખુંટવર્ણનવાળી મિલકત વાદીની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને હાલ તે પડતર જગ્યા છે અને તેમાં વાદી વર્ષોથી વાપર ઉપભોગ કરતા આવેલા છે અને તેમાં વાદી ભેંસો પણ વર્ષોથી બાંધે છે. સદર મિલકતમાં આ કામના પ્રતિવાદીઓનો કોઈ લાગભાગ, હકક હિસ્સો ન હોવા છતાં સદર કામના પ્રાતિવાદીઓનું મકાન તેમની મિલકતની સામે બાજુ રસ્તો મુકી તેઓના મકાન આવેલા હોઈ તેઓએ તા. ૨૬/૩/૨૦૧૮ ના રોજ વાદી સાથે ઝગડો કરેલ અને સદર દાવાવાળી મિલ્કત તેઓના મકાનની સામે હોય અને તેઓની હોય તેવું જણાવી વાદી સાથે ઝગડો કરેલ અને વાદી સામે સી.આર.પી.સી. ની કલમ ૧૦૭ મુજબ ફરીયાદ કરેલ. ત્યારબાદ સદર કામના પ્રતિવાદી વાદીને જણાવેલ કે ભલે આકારણી પત્રકમાં તમારું નામ ચાલતુ હોય પરંતુ સદર પડતર મિલકત અમારા મકાનની સામે છે જેથી આ મિલકત અમારી છે તેવુ કહી વાદી સાથે વારંવાર ઝગડો કરતા. અઠવાડીયા અગાઉ આ કામના પ્રતિવાદી એકજૂથ થઈ આવેલા અને સદર મિલકતનો કબજો ભોગવટો અમોને સોંપી દો નહીતર તને જાનથી મારી નાંખીશુ તેવી ગુનાહીત ધમકીઓ આપેલ અને જો તુ મને કબજો નહી સોંપે તો તને પોલીસમાં ફરીથી પકડાવી દઈશુ તેવી ગુનાહીત ધમકીઓ આપતા અને વાદીનો કબજો છીનવી લેવાની ધમકીઓ આપેલ હોય સદર દાવો કરવાની જરૂર પડેલ છે.

વધુમાં દાવાનુ કારણ આપતા જણાવે છે કે, સદર કામના પ્રતિવાદી એકજુથ થઈ આવેલા અને સદર મિલ્કતનો કબજો ભોગવટો અમોને સોંપી દો નહીતર તને જાનથી

મારી નાંખીશુ તેવી ગુનાહિત ધમકીઓ આપેલ અને જો વાદી તેમને કબજો નહી સોંપે તો વાદીને પોલીસમાં ફરીથી પકડાવી દઈશુ તેવી ગુનાહિત ધમકીઓ આપતા અને વાદીનો કબજો છીનવી લેવાની ધમકીઓ આપેલ હોય આ દાવાનું કારણ નામ. કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

વધુમાં વાદી ધ્વારા દાદ માંગવામાં આવેલ છે કે, આ દાવા અરજીના પેરા ૧ માં જણાવેલી મિલ્કત વાદીની વારસાઈ હકકે માલીકી કબજા ભોગવટાની આવેલ હોય તેવું ઠરાવો તથા પ્રતિવાદીનો સદર દાવાવાળી મિલકતમાં કોઈ હકક હિસ્સો નથી તેમ ઠરાવો.(બ) સદર કામના પ્રતિવાદી જાતે તથા તેમના નોકર એજન્ટ એસાઈની મારફતે વાદીના કબજા ભોગવટામાં હેલો હરકત દખલ અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ વાદીના લાભમાં પ્રતિવાદી વિરૂધ્ધ ફરમાવશોજી. (ક) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી ચુકવી આપે તેવો હુકમ કરવા મહે. કરશોજી. (ડ) વાદીની હકીકતો ધ્યાનમાં લઈ નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ અન્ય દાદ અપાવશોજી.

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ વાદીની દાવા અરજીનો લેખિત જવાબ આંક–૧૨ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા–૧ માં જણાવેલ હકીકતો ખરી નથી અને ખુંટવર્ણન ખોટા જણાવેલ છે તેમજ પેરા–૨ માં જણાવ્યા મુજબની હકીકતો પ્રતિવાદીનાઓને કબુલ મંજુર નથી. તેમજ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમા જણાવેલ અન્ય હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે, વાદી મૂળ આ ગામના વતની નથી, તથા પ્રતિવાદીનાઓ બાપ દાદાના વખતથી તકરારી મીલકતના માલીક છે અને પ્રતિવાદીના ગુજરનાર વડવાઓના વખતથી વાપર ઉપભોગ કરતા આવેલા છે અને ગ્રામ પંચાયતના તમામ વેરાઓ આજદીન સુધીના પ્રતિવાદીનાઓ ભરતા આવેલ છે. પ્રતિવાદીના વડવાઓના ગુજરી જવાથી સદર મીલકત પ્રતિવાદીને કાયદેસર રીતે વારસાઈથી પ્રાપ્ત થયેલ મીલકત આવેલી છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, ગ્રામ પંચાયત ઘર નં.૨૧૩ (જુનો નં.૧૫૮)વાળી મીલકત કે જે મીલકત ખરેખર ગ્રામ પંચાયત ઘર નં. ૨૧૨ (જુનો નં.૧૫૭) આવેલી હતી તે મકાન મીલકતના બે ભાગ પાડી દીધેલ અને નવો મકાન

નં.૨૧૩ આપેલ અને તેમાં માતાજીનો મઢ આવેલો હતો અને ફળીયાના રહીશો તેનો ઉપયોગ ધાર્મિક હેતુ માટે કરતા હતા, પરંતુ સમયાંતરે ફળીયાના રહીશોએ ધર્મપરીવર્તન કરતાં તેનો ઉપયોગ બંધ થયેલ અને તે સમયે આ કામના વાદી તે મકાન મીલકતને અડીને આવેલા મકાન નં.૨૧૨ માં રહેતા હોય તેમણે ગેરકાયદેસર રીતે મકાન નં.૨૧૩ નો કબજો જે તે સમયે પડાવી લીધેલ હતો, અને હાલ આ મકાન મીલકત વાદીના કબજા ભોગવટામાં આવેલ છે તે સિવાય વાદીની માલીકીની કોઈજ મકાન મીલકત ફળીયામાં આવેલી નથી.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, આ કામના વાદી જે તકરારી દાવાવાળી મીલકતનો ઉલ્લેખ કરી હાલનો દાવો લઈ આવેલા છે, તે મીલકત રેવન્યુ સરવે નં.૧ ગામતળની મીલકત આવેલી છે અને આ મીલકતના ગામ નમૂના નં.૭ ના ઉતારામાં પ્રતિવાદીના નામો વારસાઈ હકકે ચાલ્યા આવેલા છે. જે મીલકતનું કુલ ક્ષેત્રફળ ૦–૦૩–૮૦ નું આવેલ છે, અને પ્રતિવાદી નં.૧, ૨ અને ૩ ના મકાનો તેમના બાપદાદાના સમયથી બનાવેલા છે, અને તે મકાનોને ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૫, ગ્રામ પંચાયત ઘર નં.– ૧૯૬, ગ્રામ પંચાયત ઘર નં.–૧૯૭, તથા ગ્રામ પંચાયત ઘર નં.–૧૯૮ આપેલ છે, અને તે તમામ મકાનો તકરારી દાવાવાળી મીલકતમાં જ આવેલા છે, અને વાદીનાઓ જે જમીન તેમની માલીકીની જણાવે છે તે જમીન પણ પ્રતિવાદીની માલીકીની આવેલ છે તે તકરારી દાવાવાળી મીલકત પણ રેવન્યુ સરવે નં.૧ ગામતળ પૈકીની માલીકીની પડતર જમીન આવેલ છે. જે જમીનના પ્રતિવાદીઓ કાયદેસરના માલીક, કબજેદાર, ભોગવટેદાર છે, અને સદર મીલકતનું મહેસુલ પણ પ્રતિવાદીઓ ભરતા આવેલા છે. તેમ છતાં પણ આ કામના વાદી તકરારી દાવાવાળી પડતર જમીન મકાન નં.૨૧૩ નો વધારાનો ભાગ (હીસ્સો) અને તે પૈકીની જમીન આવેલી છે અને વાદી તેના માલીક ના હોવા છતાંપણ માલીક હોવાનું જણાવી નામદાર કોર્ટ સમક્ષ ખોટો દાવો કરી કામ ચલાઉ મનાઈ અરજી કરેલ છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, આ કામના વાદીએ તેમના ગેરકાયદેસર રીતે મેળવેલ મકાન નં.૨૧૩ ની પશ્ચિમ દીશામાં રસ્તો આવેલો છે અને તે રસ્તા બાદ પ્રતિવાદીઓની માલીકી ની પડતર જમીન આવેલી છે જેના પ્રતિવાદીઓ બાપદાદાના ગુજરી જવાથી વારસાઈ હકકે માલીક બનેલા છે. આ મીલકતમાં કોઈનો પણ લાગ ભાગ કે હકક હીસ્સો હીત આવેલો નથી, અને તકરારી દાવાવાળી મીલકતના પ્રતિવાદીઓ કાયદેસરના માલીક અને કબજેદાર તથા ભોગવટેદાર છે. પ્રતિવાદીનાને ખોટી રીતે

હેરાન પરેશાન કરવાના બદઈરાદાઓથી તથા પ્રતિવાદીઓ પાસેથી ગેરકાયદેસર રીતે નાણાં પડાવવાના ઈરાદાથી હાલનો આ દાવો પ્રતિવાદીઓ સામે દાખલ કરી મનાઈ અરજ કરેલી છે. જે કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધમાં છે, અને તેથી મનાઈ અરજી તથા દાવો કરવાનું કોઈજ કાયદેસરનું કારણ ઉભું થયેલ નથી છતાંપણ આ કામના વાદીએ દાવો તથા મનાઈ અરજી કરેલ છે. દાવા અરજીના તથા મનાઈ અરજીમાં જણાવ્યા મુજબનુ કહેવાતુ કોઈ પણ કારણ પ્રતિવાદી સામે ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીને દાવાની અરજીમાં માંગેલ તેમજ મનાઈ અરજીમાં જણાવ્યા પ્રમાણે વાદીનો પ્રાયમાફેશી કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી અને નાણાંથી પણ ભરપાય ન થાય તેવું પારાવાર લોસ પ્રતિવાદીઓને થાય તેમ છે તેથી મનાઈ અરજીમાં માંગેલ કોઈપણ દાદ તેઓને કાયદેસર મળી શકે નહી. દાવા અરજીની તેમજ મનાઈ અરજીની સ્પષ્ટ રીતે કબુલ કર્યા સિવાયની કોઈપણ હકીકત પ્રતિવાદી નં. ૧ને કબુલ નથી. ઉપર પ્રમાણે હકીકત હોઈ વાદીનો દાવો તેમજ મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા વિનંતી કરેલ છે.

આ કામે વાદી તરફે આંક– ૧૫ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીનો જવાબ ખરો ન હોવાનુ જણાવી દાવા અરજીની હકીકતો જણાવેલ છે.

આ કામે વાદી દ્વારા આંક–૫ થી મનાઈ અરજી દાખલ કરવામાં આવેલ જે મનાઈ અરજી અમારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી કિરીટભાઈ શંકરભાઈ પરમારનુ સરતપાસનુ સોગંદનામુ | ૪૪ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | મોજે ગામ ઝારોલ ગ્રામ પંચાયત મિલ્કત નં.૨૧૩ ની આકારણી પત્રક | ૪૫ |

| | | |
|---|---|---|
| ૨ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૪૬ |
| ૩ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૪૭ |
| ૪ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૪૮ |
| ૫ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૪૯ |
| ૬ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૦ |
| ૭ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૧ |
| ૮ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૨ |
| ૯ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૩ |
| ૧૦ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૪ |
| ૧૧ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૫ |
| ૧૨ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૬ |
| ૧૩ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૭ |
| ૧૪ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૮ |
| ૧૫ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૫૯ |
| ૧૬ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૦ |
| ૧૭ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૧ |
| ૧૮ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૨ |
| ૧૯ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૩ |
| ૨૦ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૪ |
| ૨૧ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૫ |
| ૨૨ | મિલ્કતનો વેરો ભર્યાની પહોંચ | ૬૬ |
| ૨૩ | વસો સિવિલ કોર્ટમાં રે.મુ.નં.૩૪/૧૮ માં આપેલ સરતપાસ તથા ઉ.ત.ની ખરીનકલ | ૭૩ |

ત્યાર બાદ વાદી તરફે **આંક–૭૪** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ | પ્રતિવાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.ર પ્રવિણભાઈ સુલેમાનભાઈ રાઠોડનુ સરતપાસનુ સોગંદનામુ | ૭૮ |
| ર | પ્રતિવાદી નં.૧ રમેશભાઈ પીતાબરભાઈ રાઠોડ | ૧૦૩ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | બ્લોક/સ.નં.–૦ ગામતળ ૧ ની ગામ.ન.નં.૭ ની નકલ અસલ | ૮ર |
| ર | બ્લોક/સ.નં.–૦ ગામતળ ૧ ની ખાતા નં.ર૬૦ ની ગામ.ન.નં.૮–અ ની અસલ નકલ | ૮૩ |
| ૩ | મોજે ગામ ઝારોલ તા.વસો મિલકત નં.ર૧ર ની આકારણીની અસલ નકલ | ૮૪ |
| ૪ | મોજે ગામ ઝારોલ તા.વસો મિલકત નં.ર૧૩ ની આકારણીની અસલ નકલ | ૮૫ |
| ૫ | મોજે ગામ ઝારોલ તા.વસો મિલકત નં.૧૮૩–૧૮૪ ની આકારણીની અસલ નકલ | ૮૬ |
| ૬ | મોજે ગામ ઝારોલ તા.વસો મિલકત નં.ર/૧૫૭, ર/૧૫૮ ની આકારણીની અસલ નકલ | ૮૭ |
| ૭ | તાલુકા વિકાસ અધિકારીશ્રીએ ઝારોલને લખેલ પત્રની નકલ | ૮૮ |
| ૮ | મકાન નં.૧૯૫ ની આકારણીની નકલ | ૮૯ |
| ૯ | મકાન નં.૧૯૬ ની આકારણીની નકલ | ૯૦ |
| ૧૦ | મકાન નં.૧૯૭ ની આકારણીની નકલ | ૯૧ |
| ૧૧ | મકાન નં.૧૯૮ ની આકારણીની નકલ | ૯ર |
| ૧ર | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૩ |
| ૧૩ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૪ |
| ૧૪ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૫ |
| ૧૫ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૬ |
| ૧૬ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૭ |
| ૧૭ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૮ |
| ૧૮ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૯૯ |

| | | |
|---|---|---|
| ૧૯ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૧૦૦ |
| ૨૦ | ઘરવેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૧૦૧ |

ત્યાર બાદ આંક– ૧૧૧ નીચે હુકમ મુજબ પ્રતિવાદીનો વધુ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે વાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ તથા પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ઘ્યાને લીધી.

(૬) આ કામે સદરહુ દાવાના નિર્ણય અર્થે અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા આંક–૩૦ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | શુ વાદી સાબીત કરે છે કે,તેઓ ઝારોલ તા. વસો આવેલ ગ્રામ પંચાયતના જુના મીલકત નં. ૨/૧૫૮ તથા નવો મીલકત નંબર ૨૧૩ વાળુ મકાન તેઓની વડીલોપાર્જીત મિલકત છે ? |
| **મુદ્દા નંબર–૨** | શું વાદી સાબીત કરે છે કે, સદરહું મિલકતમાં આ કામના પ્રતિવાદીઓનો કોઈ હકક હીસ્સો આવેલો નથી ? |
| **મુદ્દા નંબર–૩** | શું વાદી સાબીત કરે છે કે, દાવાવાળી જીમનના તેઓ કાયેદરના માલીક અને કબજેદાર છે ? |
| **મુદ્દા નંબર–૪** | શું વાદીના દાવને પક્ષકારોનો બાધ નડે છે ? |
| **મુદ્દા નંબર–૫** | શું વાદીના દાવાને અન્ય કોઈ કાયદાનો બાધ નડે છે ? |
| **મુદ્દા નંબર–૬** | શું વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે? |
| **મુદ્દા નંબર–૭** | શું વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| **મુદ્દા નંબર–૮** | શું હુકમ અને હુકમનામુ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **અંશત: હકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૫** | **નકારમાં** |

| | |
|---|---|
| મુદ્દા નંબર–૬ | નકારમાં |
| મુદ્દા નંબર–૭ | અંશત: હકારમાં |
| મુદ્દા નંબર–૮ | આખરી હુકમ મુજબ |

**: કારણો :**

**મુદ્દા નં. ૧ થી ૮ –**

(૮) હાલના દાવો પ્રતિવાદીઓ એકજુથ થઈ વાદીની મિલકત ઉપર આવી વાદીની મિલકતનો કબજો ભોગવટો તેઓને સોંપી દેવામાં આવે નહીતર જાનથી મારી નાખીશુ તેવી ગુનાહીત ધમકીઓ આપેલ. જેથી દાવાવાળી મિલકતમાં વાદીનો વારસાઈ હકકે માલીકી કબજો ભોગવટો આવેલો છે તેવુ ઠરાવી પ્રતિવાદી સામે કામચી મનાઈ હુકમ ફરમાવવાની દાદ મેળવવા વાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ છે. હાલના કામે આંક–૧૨ થી વાદીની દાવા અરજીનો પ્રતિવાદી તરફે જવાબ રજુ છે. જેમાં તેઓ જણાવે છે કે, હાલના વાદી મુળ ઝારોલ ગામના વતની નથી તથા અમારા બાપ દાદા વખતથી અમો તકરારી મિલકતના માલીક છે. પ્રતિવાદીઓના ગુજરનાર વડવાઓના વખતથી આ મિકલતનો વાપર ઉપયોગ કરતા આવેલ છે અને વેરો ભરતા આવેલ છે. પ્રતિવાદીના વડવાઓ ગુજરી જવાથી દાવાવાળી મિલકત તેમને કાયદેસર રીતે વારસાઈથી પ્રાપ્ત થયેલ છે. પ્રતિવાદીઓ વઘુમાં જણાવે છે કે ગ્રામ પંચાયત ઘર નં. ૨૧૩ (જુનો ઘર નંબર ૧૫૮) વાળી મિલકત કે જે ખરેખર ગ્રામ પંચાયત ઘર નં. ૨૧૨( જુનો ઘર નંબર ૧૫૭) આવેલ હતી તે મકાન મિલકતના બે ભાગ પાડી દીઘેલ અને નવો મકાન નંબર ૨૧૩ આવેલ અને તેમાં માતાજીનો મઢ આવેલો હતો. ફળીયાના રહીશો તેનો ઉપયોગ ઘાર્મીક હેતુ માટે કરતા હતા. પરંતુ સમયાન્તરે ફળીયાના રહીશો ઘર્મ પરીવર્તન કરતા તેનો ઉપયોગ બંઘ થયેલ અને તે સમયે આ કામનાં વાદીની તે મકાન મિલકતને અડીને આવેલ મકાન નં. ૨૧૨ માં રહેતા હોય તેમણે ગેરકાયદેસર રીતે મકાન નં.૨૧૩ નો કબજો જે તે સમયે પડાવી લીઘેલ હતો અને આ મકાન મિલકત વાદીના કબજા ભોગવટામાં આવેલ છે. તે સિવાય વાદીની માલીકીનું કોઈ જ

મકાન મિલકત ફળીયામાં આવેલ નથી. ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭, તથા ૧૯૮ પ્રતિવાદીઓના બાપ દાદાના સમયથી બનાવેલ મકાનો છે. ગામ નમુના નં. ૭ ના ઉતારામાં આ મિલકત પ્રતિવાદીના નામે વારસાઈ હકકે ચાલી આવેલ છે. આ તમામ મકાનો દાવાવાળી મિલકત જ આવેલ છે અને વાદીનાઓ જે જમીન તેમની માલીકીની જણાવે છે તે જમીન પણ પ્રતિવાદીની માલીકીની આવેલ છે. તકરારી દાવાવાળી મિલકત રેવન્યુ સર્વે નં. ૧ ગામ તળ પૈકીની માલીકીની પડતર જમીન આવેલ છે. આમ તકરારી દાવાવાળી પડતર જમીન નંબર ૨૧૩ નો વધારાનો ભાગ અને તે પૈકીની જમીન આવેલી છે અને વાદી તેના માલીક ન હોવા છતાં હાલનો ખોટો દાવો કોર્ટ સમક્ષ લાવેલ હોય ખર્ચ સહીત નામંજુર કરવા વિનંતી કરેલ છે. ત્યારબાદ આંક –૧૫ થી વાદી તરફે કાઉન્ટર સોગંદનામુ રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓ પ્રતિવાદીના દાવા જવાબનો ઈન્કાર કરી પોતાની દાવા અરજીની વિગતોનુ પુનરાવર્તન કરેલ છે.

(૯) ત્યાર બાદ હાલના દાવા ન્યાય નિર્ણય અર્થે મારા પુરોગામી સાહેબશ્રીએ આંક –૩૦ થી મુદ્દા ઉપસ્થિત કરેલ છે. જે મુદ્દા પૈકી મુદ્દા નં. ૧ થી ૩ ની સાબીતીનો બોજો વાદીના શીરે છે. જે અંગે નોંધવાનુ કે, વાદીએ સાબીત કરવાનુ છે કે તેઓ મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયત જુના મિલકત નં.૨/૧૫૮ તથા નવો મિલકત નં. ૨૧૩ વાળુ મકાન તેઓની વડીલો પાર્જીત મિલકત છે. તેમજ સદરહું મિલકતમાં આ કામના પ્રતિવાદીઓનો કોઈ હકક, હીસ્સો આવેલ નથી. તેમજ દાવાવાળી જમીનના તે કાયદેસરના માલીક અને કબજેદાર છે. પોતાની દાવા અરજીનાં સમર્થનમાં વાદી તરફે આંક–૩૫ વાળુ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખવામાં અવોલ છે. જેમાં તેઓએ આંક–૪૫ થી ૬૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. જેમા મોજે ઝારોલ તા.વસો ગામની જુદી જુદી મિલકતની જુદા જુદા વર્ષની આકારણી તથા વેરો ભર્યાની પહોચો રજુ છે જે વંચાણે લીધી. ત્યાર બાદ આંક–૪૪ થી વાદી કિરીટભાઈ શંકરભાઈ પરમારનાઓની સોગંદ ઉપરની સરતપાસ રજુ છે. જેમાં તેઓ પોતાની દાવા

અરજીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેઓની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, અમારુ મુળ વતન ઝાખરીયા જી.આણંદ છે, ઝારોલ મારુ મોસાળ ગામ છે, મારા પિતાજી તથા વડવાઓ ઝાખરીયા જી.આણંદ મુકામે રહેતા હતા, ઝાખરીયા જી. આણંદ મુકામે અમારી વડીલો પાર્જીત મિલકત આવેલ હતી જે હાલમાં નથી, છેલ્લા ૪૬ વર્ષથી હુ ઝારોલ મુકામે રહુ છુ., ઝારોલ વાળી તકરારી દાવાવાળી મિલકત અમારા વડીલો પાર્જીત મીલકત નથી, તકરારી દાવાવાળી મિલકત મોસાળ પક્ષની મિલકત છે, મારા પિતા ઝારોલ મુકામે ઘર જમાઈ તરીકે રહેતા હતા, મારા નાની દાનીબેન ઈશ્વરભાઈ સને-૧૯૯૪ મા ગુજરી ગયેલ., ગુજરનાર દાનીબેનને બે દીકરીઓ જેમા સૌથી મોટી મણીબેન તથા નાની બેન પુષ્પાબેન છે., અમો મણીબેનના સંતાનો છીએ, મણીબેન ગુજરી ગયેલ ત્યારે અમોએ તેમનુ પેઢીનામુ તૈયાર કરાવેલું હાલ પેઢીનામુ કયાં મુકાઈ ગયેલ છે તે યાદ નથી., વાદીના નાની ગુજરી ગયેલ ત્યારે વાદીની ઉમર ૧૭ વર્ષ હતી, દાવાવાળી મિલકતના વારસાઈ દરજ્જે માલીક થયેલ હોય તેના કોઈ આધાર પુરાવા રજુ રાખેલ નથી., તકરારી મિલકત ઘર નં. ૨૧૩ છે તેના જુના નંબર ખબર નથી., દાવાવાળી મિલકતની માપણી કરાવેલ નથી., દાવાવાળી મિલકતનુ માપ ખબર નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, મકાન નં. ૨૧૩ છોડીને પ્રતિવાદીની પડતર જમીન આવેલ છે અને મકાનો દક્ષીણ દીશામાં આવેલા છે, તેમનો આવવા જવાનો રસ્તો પૂર્વે ચાલુ થઈ પશ્ચિમ દીશામાં થઈ ઉતર દીશામાં તેમના મકાન નં. ૨૧૩ થી અડીને નીકળે છે. આમ, વાદી પોતાની ઉલટ તપાસમાં પોતે મુળ ઝારોલ ગામના વતની ન હોવાનુ અને દાવાવાળી મિલકત તેમની વડીલો પાર્જીત મિલકત ન હોવાનુ સ્વીકારે છે. વધુમાં મકાન નં. ૨૧૩ સિવાય અન્ય કોઈ પડતર જમીન કે મકાન તેઓના આવેલ નથી, તેવુ પણ તેઓ સ્વીકારે છે. ત્યારબાદ આંક-૭૧ થી વાદી તરફે અન્ય એક દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક-૭૩ વાળી પ્રતિવાદી નં. ૧ ની રે.દી.મુ.નં. ૩૪/૧૮ ના કામે રજુ રાખવામાં આવેલ જુબાની

અત્રે રજુ રાખેલ છે. તેમાં પ્રતિવાદી નં. ૧ નાએ સ્વીકાર કરેલ છે કે, મકાન નં. ૨૧૨ માં જે તે વખતે હાલના વાદી રહેતા હતા અને તેમણે ગેરકાયદેસર રીતે મકાન નં. ૨૧૩ નો કબજો પડાવી લીધેલ હતો અને હાલ આ મકાન મિલકત હાલના વાદીના કબજા ભોગવટામાં આવેલ છે. જે તે દાવાના કામે પ્રતિવાદી નં. ૧ તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, મિલકત નં. ૨૧૩ હાલના કામના વાદીની માલીકીની છે અને આ મિલકત તેમની વડીલો પાર્જીત મિલકત છે. જયારે હાલના પ્રતિવાદીની મિલકતનો નં.૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ છે. આમ હાલના પુરાવા ઉપરથી વાદીના મકાન નં. ૨૧૨ હોય અને તેઓએ મકાન નં. ૨૧૩ નો કબજો ગેરકાયદેસર રીતે પડાવી લીધેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવે છે અને મકાન નં. ૨૧૩ નો કબજો ભોગવટો વાદીનો હોય તેવુ રેકર્ડ ઉપર આવે છે. ત્યારબાદ આકં-૭૪ થી વાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે.

(૧૦) ત્યાર બાદ આંક-૭૮ થી પ્રતિવાદી નં. ૨ પ્રવિણભાઈ સુલેમાનભાઈ રાઠોડની સોગંદ ઉપરની સરતપાસ રજુ છે. તેમની વિગતવારની ઉલટ તપાસ વાદીનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમા તેઓ સ્વીકારે છે કે દાવાવાળી મિલકત વાદીની માલીકીની આવેલ છે, તેઓ જણાવે છે કે આ મિલકત માતાના મઢ તરીકે ઉપયોગ લેવામાં આવે છે, દાવાવાળી મિલકત માતાના મઢ વાળી જગ્યા છે, આ દાવાવાળી જગ્યા માતાના મઢ તરીકે છે તેનો કોઈ લેખીત પુરાવો તેઓએ હાલના કામે રજુ રાખેલ નથી. આ જગ્યા રેકર્ડ ઉપર માતાના મઢ તરીકે નહી પરંતુ પડતર જગ્યા તરીકે ઓળખાય છે. તેઓ સ્વીકારે છે કે, દાવાવાળી જગ્યા વાદીના માલીકી કબજા ભોગવટામાં તેમના બાપ દાદાના વખતથી આવેલ છે, પ્રતિવાદીની મિલકત ઘર નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ છે આ ચાર મિલકતો જોડે આવેલી છે, સામે વધારાની વાપરવાની જગ્યા પ્રતિવાદીની માલીકીની આવેલી છે., વાદી પ્રતિવાદીની મિલકત વચ્ચે રસ્તો આવેલો છે., રસ્તો મુકીને પ્રતિવાદીની મિલકત તરફ વાદીની કોઈ વાપર ઉપભોગ કરવા આવતા નથી. આમ, હાલના પ્રતિવાદીની ઉલટ તપાસ ઉપરથી તેવુ

રેકર્ડ ઉપર આવે છે કે ઘર નં. ૨૧૩ વાળુ મકાન વાદીના કબજા ભોગવટે તેમના વડીલોના સમયથી આવેલુ છે. જયારે પ્રતિવાદીઓ તેમના ચાર ઘર નંબર અને તેની સામે આવેલ ખુલ્લી પડતર જમીનનો કબજો ભોગવટો ધરાવે છે. ત્યાર બાદ પ્રતિવાદી તરફે આંક–૭૯ થી એક દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખવામાં આવેલ છે. જે રજુ દસ્તાવેજોને આંક–૮૦ થી ૧૦૧ સુધી આપવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. ત્યાર બાદ આંક–૧૦૩ થી પ્રતિવાદી નં.૧ રમેશભાઈ પીતાબં રભાઈ રાઠોડની સોગંદ ઉપર સરતપાસ રજુ રાખવામાં આવેલ છે. તેમની વિગતવારની ઉલટ તપાસ વાદીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, વાદીએ હાલનો દાવો મિલકત નં. ૧૮૪ કે જેનો નવો નં. ૨૧૩ છે તે મિલકત માટે દાખલ કરેલ છે., સદર મિલકત કોની માલીકીની છે તેની તેઓને ખબર નથી, મિલકત નં. ૨૧૩ ના આકારણી પત્રકમાં માલીક તરીકે કિરીટભાઈ શંકરભાઈનુ નામ દર્શાવેલ છે, દાવાવાળી મિલકત તેમની માલીકી નથી તેવુ પણ તેઓ સ્વીકારે છે., વાદી હાલનો દાવો મિલકત નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ વાળી મિલકત અં ગે કરેલો નથી. ત્યારબાદ કામ પ્રતિવાદીના વધુ પુરાવા માટે રાખવામાં આવેલુ પરંતુ પ્ર તિવાદી તરફે કોઈ વધુ પુરાવો રજુ ન થતા આંક–૧૧૧ હેઠળ હુકમ કરી પ્રતિવાદીનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ બં ન્ને પક્ષોની વિગતવારની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે.

(૧૧) આમ, હાલના કામે રજુ પુરાવો તથા વાદી પ્રતિવાદીની સોગંદ ઉપરની સરતપાસ તથા ઉલટ તપાસ વંચાણે લેતા મોજે ઝારોલ, તા.વસો, ગામે આવેલ ગ્રામ પંચાયત નવો મિલકત નં. ૨૧૩ વાળુ મકાન વાદીના મોસાળ પક્ષથી તેમના નાની અને ત્યારબાદ તેમના માતા પાસેથી તેઓની પાસે કબજે ભોગવટે આવેલ હોવાનું જણાય આવે છે. પરંતુ અત્રે સ્પષ્ટ કરવુ જરૂરી છે કે, નવો મિલકત નં. ૨૧૩ વાળા મકાન સિવાય તેની આસપાસમાં આવેલી અન્ય કોઈ પણ મિલકત નંબર કે પછી મિલકત નં. ૨૧૩ વાળી ખુલ્લી પડતર જમીન હોય કે બાંધકામ કરેલ મિલકત હોય તેવી

કોઈ મિલકત વાદીના કબજે ભોગવટે આવેલ નહી હોવાનું પણ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. આમ **મુદ્દા નં. ૧** નો જવાબ ''**હકારમાં**'' આપવામાં આવે છે.

**(૧૨)** મુદ્દા નં. ૨ પરત્વે નોંધવાનુ કે, હાલના કામે દાવાવાળી મિલકત તરીકે માત્ર મોજે ઝારોલ તા.વસો ગ્રામ પંચાયત નવો મિલકત નં.૨૧૩ માં બાંધકામ કરેલ મકાન છે અને આ બાંધકામ કરેલ મકાનમાં પ્રતિવાદીઓનો કોઈ હકક, હીસ્સો આવેલો નથી, તેવુ પ્રતિવાદીની ઉલટ તપાસ પરથી ફલીત થાય છે. જેથી **મુદ્દા નં. ૨** નો જવાબ ''**હકઢ ારમાં**'' આપવામાં આવે છે.

**(૧૩)** મુદ્દા નં. ૩ પરત્વે નોંધવાનુ કે ઉપર મુદ્દા નં. ૧ તથા ૨ માં ચર્ચા કરી તે મુજબ દાવાવાળી મિલકત તે મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયત નવો મિલકત નં.૨૧૩ વાળુ બાંધકામ કરેલ મકાન છે તેની આસપાસ કે આજુબાજુ આવેલ કોઈ પણ પડતર જમીન કે અન્ય બાંધકામ કરેલ મિલકતનો તેમાં સમાવેશ થતો નથી. એટલ ે કે જયાં સુધી નવો મિલકત નં. ૨૧૩ વાળુ બાંધકામ કરેલ મકાનનો પ્રશ્ન છે ત્યાં સુધી આ મકાનમાં વાદીના નાની ત્યાર બાદ તેમના માતા અને હાલ વાદી પોતે વસવાટ કરતા હોવાનું જણાઈ આવતુ હોય તેઓ આ મિલકતના કબજેદાર હોવાનું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. પરંતુ તેઓની કાયદેસરની માલીકી અંગેનો કોઈ આધાર પુરાવો તેઓએ હાલના કામે રજુ રાખેલ નથી. જેથી તેઓને આ મિલકતના માલીક ઠરાવી શકાય તેમ નથી. જે ધ્યાને લેતા **મુદ્દા નં. ૩** નો જવાબ ''**અંશત: હકારમાં**'' આપવામાં આવે છે.

**(૧૪)** મુદ્દા નં. ૪, ૫ તથા ૬ પરત્વે નોંધવાનું કે, હાલનો દાવો વાદીને પ્રતિવાદી નં. ૧, ૨ તથા ૩ નાઓ ધ્વારા ગુનાહીત ધમકીઓ આપેલ હોવા અંગેનુ કારણ જણાવી લાવવામાં આવેલ છે તથા જે કોઈ વ્યકિતઓએ વાદીને આવી ગુનાહીત ધમકીઓ આપેલ હોવાનુ વાદીનું માનવુ હોય તેને વાદીએ પક્ષકાર તરીકે જોડેલ છે. હાલનાં કામે મિલકતની વહેંચણી કે મિલકતના લાગભાગ અંગેનો દાવો વાદી ધ્વારા લાવવામાં આવેલ નથી. તેથી પ્રતિવાદીના તમામ વારસદારો હાલના દાવાના કામે જોડવા જરૂરી નથી. આમ, વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડતો

હોવાનું જણાઈ આવતું નથી. વાદીના દાવાને અન્ય કોઈ કાયદાનો કે સમય મર્યાદાનો બાધ નડતો હોય તેવી રજુઆત પ્રતિવાદી તરફે પણ કરવામાં આવેલ નથી. આમ વાદીના દાવાને અન્ય કોઈ કાયદાનો કે સમય મર્યાદાનો બાધ નડતો હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. જેથી મુદ્દા નં. **૪, ૫ તથા ૬** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે.

(૧૫) **મુદ્દા નં. ૭** પરત્વે નોંધવાનુ કે હાલના કામે વાદીએ પોતાની દાવા અરજીના પેરા–૪ મા દાવાવાળી મિલકત વાદીની વારસાઈ હકકે માલીકી કબજે ભોગવટે આવેલ હોય તેવુ ઠરાવી આપવાની અને પ્રતિવાદી સામે કાયમી મનાઈ હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે. ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ માં ચર્ચા કરી તે મુજબ દાવાવાળી મિલકત એટલે કે મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયત નવો મિલકત નં. ૨૧૩ વાળુ બાંધકામ કરેલ મકાન છે. જે વાદીના મોસાળ પક્ષ તરફથી ઉતરોતર વાદીનાં કબજે ભોગવેટ આવેલ છે. આમ સદર મિલકત નં. ૨૧૩ વાળુ બાંધકામ કરેલ મકાન વાદીના કબજે ભોગવટે હોવાનુ રેકર્ડ ઉપરથી ફલીત થતું હોય આ બાંધકામ કરેલ મકાનમાં પ્રતિવાદીઓનો કોઈ હકક, હીસ્સો આવેલ નથી અને આ મિલકતમાં પ્રતિવાદીઓએ કોઈ પણ પ્રકારે હરકત, હેલો દખલ અંતરાય કરવાની રહેતી નથી. જે બાબત ઘ્યાને લેતાં **મુદ્દા નં. ૭** નો જવાબ ''**અંશત: હકારમાં**'' આપી **મુદ્દા નં.** ૮ પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયના હીતમાં ઉચિત જણાય છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આથી વાદીનો હાલનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) હાલના દાવાવાળી મિલકત મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયતના નવા મિલકત નં.૨૧૩ માં બાંધકામ કરેલ રહેણાંકનુ મકાન જે વાદીને કબજે ભોગવટે આવેલ હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૩) દાવાવાળી મિલકત મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયતના નવા મિલકત નં.૨૧૩ માં બાંધકામ કરેલ રહેણાંકનાં મકાનનો વાપર

ઉપયોગ કરતા પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર, એજન્ટ, એસાઈનીઓ મારફતે હેલો, હરકત દખલ અંતરાય કરવા કરાવવા સામે પ્રતિવાદી સામે અને વાદીની તરફેણમાં આથી કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) દાવાનો ખર્ચ પોત પોતાનુ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ ૦૬ ઠ્ઠી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વસો
તા.૦૬– ૦૩–૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
મુખ્ય સીવીલ જજ, વસો
(કોડ નં.જી.જે.૦૧૪૨૫ )